Presented on : 15-04-2025
Registered on : 15-04-2025
Decided on : 30-03-2026
Duration : 0 y, 11 m, 15 d.

GJKH120003062025

**આંક:–**

**(૧) ફોર્મ – એ**

| |
|---|
| **ડાકોરના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,ડાકોર**<br>**નરેન્દ્ર કુમાર જોષી**<br>જજમેન્ટની તારીખ : ૩૦/૦૩/૨૦૨૫<br>ફોજદારી કેસ નં.૨૫૦/૨૦૨૫<br>ડાકોર પો.સ્ટે.પાર્ટ.એ.ગુન્હા રજી.નં.૧૧૨૦૪૦૨૧૨૩૦૩૬૭/૨૦૨૩ |
| **ફરીયાદી :** સરકારશ્રી, |
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.**શ્રી એમ.એમ. ઝાલા |
| **આરોપી :** કાળીદાસ ઉર્ફે કાળીયો સંપતભાઈ વાઘરી,<br>ઉ.વ.૪૨,ધંધો.મજુરી,<br>**રહે.**૭૫ ,વડ મોટી શાક માર્કેટની પાછળ રૂરલ<br>પોલીસ સ્ટેશન સામે, તા.નડીયાદ, જી.ખેડા. |
| **આરોપીપક્ષે વિ.વ.શ્રી** એસ.બી.આહીર, |

**(૨) ફોર્મ : બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | 01–08–2023 TO 02/08/2023 |
| એફ.આઈ.આર.ની તારીખ : | 02–08–2023 |
| ચાર્જસીટની તારીખ : | 15–04–2025 |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | 17–01–2026 |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | 12–03–2026 |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | 30 –03–2026 |
| જજમેન્ટની તારીખ : | 30–03–2026 |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – |

(એન.કે.જોશી)
**UIC No.01454**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી /નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી.આર. પી.સી.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાળીદાસ ઉર્ફે કાળીયો સંપત ભાઈ વાઘરી | ૨૩/૧૦/ ૨૦૨૩ | ૨૪/૧૦/ ૨૦૨૩ | ઈ.પી.કો કલમ – ૩૭૯, મુજબ, | નિર્દોષ | – | – |

**(૩) ફોર્મ : સી**

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત :**

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | ગાયત્રીબેન મણીલાલ રોહીત | ફરીયાદી (આંક–૦૮) |
| PW-2 | યાસીનભાઈ યુનુસભાઈ વ્હોરા | પંચ સાહેદ (આંક–૧૦) |
| PW-3 | મોસીન અનવરમીયા મલેક | પંચ સાહેદ (આંક–૧૨) |

**B : બચાવપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | નીલ | નીલ |

**C : કોર્ટ સાક્ષી**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | નીલ | નીલ |

(એન.કે.જોશી)
**UIC No.01454**

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત :**

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | આંક–P09/PW- | ફરીયાદ/એફ.આઈ.આર. |
| 2 | આંક–P11/PW- | આરોપીની શરીર સ્થિતિ તથા મુદ્દામાલ રીકવરી પંચનામુ |
| 3 | આંક–P13/PW- | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| 4 | આંક–P14/PW- | કલોઝિંગ પુરસીસ |

**B : બચાવપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**C : કોર્ટ દસ્તાવેજ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**// ચુ કા દો //**

(૪) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૦૧/૦૮/૨૩ નારોજ કલાક.૦૨:૩૫ થી તા.૦૨/૦૮/૨૦૨૩ ના કલાક ૧૪:૪૩ વાગ્યાના સમય દરમ્યાન મોજે. ડાકોર બસ સ્ટેન્ડ થી ફરીયાદીનો મોબાઈલ VIVO Y 15 જેનો IMEI.NO.(૧) 861001049310978 નંબરનો મોબાઈલ જેની કિ.રૂ.૧૩,૯૯૦/– ચોરી કરી લઈ જઈ ગુનો કર્યો, ઉપરોકત હકીકતે ફરીયાદીએ ડાકોર પો.સ્ટે.ફરીયાદ નોંધાવતા તે આધારે ડાકોર પો.સ્ટે.પાર્ટ.એ.ગુન્હા રજી.નં.૧૧૨૦૪૦૨૧૨૩૦૩૬૭/૨૦

૨૩ થી ગુન્હો રજીસ્ટર થયા બાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં ઈ.પી.કો. કલમ: ૩૭૯, મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલુ છે.

(૫) આ કામે આરોપી હાજર થતાં તેમને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ ગુન્હાં સબંધી આરોપી સામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને ત્યાર બાદ **આંક–૦૬** થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે જેમાં આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ શરુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આરોપીનું ક્રી.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવા ન જણાય આવતા વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.એમ.ઝાલા તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી તેમજ આ કામે કોઈ પણ પક્ષ દ્રારા લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ નથી તથા આ કામનો પુરાવો તથા રેકર્ડ વંચાણે લીધુ.

(૮) આમ, આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા ઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૮/૨૩ નારોજ કલાક.૦૨:૩૫ થી તા.૦૨/૦૮/૨૦૨૩ ના કલાક ૧૪:૪૩ વાગ્યાના સમય

દરમ્યાન મોજે. ડાકોર બસ સ્ટેન્ડ થી ફરીયાદીનો મોબાઈલ VIVO Y 15 જેનો IMEI.NO.(૧) 861001049310978 નંબરનો મોબાઈલ જેની કિ.રૂા.૧૩,૯૯૦/– ચોરી કરી લઈ જઈ , ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૯ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબર:–૧ નકારમાં

મુદ્દા નંબર:–૨ આખરી હુકમ મુજબ

**// કા ર ણો //**

**<u>મુદ્દા નંબર – ૧ ::–</u>**

**(૧૦)** ફરીયાદપક્ષ તર્ફે ફરીયાદી ગાયત્રીબેન મણીલાલ રોહિત નાઓને **આંક–૦૮** થી સોગંદ પર તપાસવામાં આવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, તા. ૦૧/૦૮/૨૦૨૩ ના રોજ હુ તથા મારા મમ્મી તથા મારા ભાઈ સાથે સવારે અમારા ઘરેથી ડાકોર રણછોડરાય મંદિર આવવા માટે નીકળેલા અને દર્શન કરવા ગયેલ અને દર્શન કરી ડાકોર સરકારી બસ સ્ટેસનમાં ગયેલ. ડાકોરથી આણંદ વાળી બસમાં બેસવા જતા આશરે બપોરના ૧૪.૩૦ કલાકે મારો વીવો વાય ૧૫ મોબાઈલ જેની કિંમત રૂ.૧૩૯૯૯/– નો મોબાઈલ કોઈ ચોર ઈસમ ચોરી કરેલ હોય જેથી મે ફોન ચોરાયા બાબતે ઈએફઆઈઆર કરાવેલી. જે ઇ–એફઆઇઆર તેમને બતાવવામાં આવે છે.તેમાં લખેલી હકીકતો સાચી છે જે **<u>આંક–૦૯</u>** થી રજુ છે. ત્યારબાદ પોલીસ સ્ટેશન રુબરુ મારા મમ્મી તથા મારા ભાઈ નિવેદન આપવા માટે આવેલ જેમાં તેઓએ ઉપરની હકિકત લખાવેલ. આ કામના આરોપીને મે જોયેલ નહી. જેથી હું ઓળખી શકુ નહી.

મને ચોરી થયેલ મોબાઈલ મળી ગયેલ છે.

સદર ફરીયાદીની બચાવ પક્ષે વિ.વ.શ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ માં કબુલ કરે છે કે, મુદામાલ મોબાઈલ કોણ ચોરી કરી લઈ ગયેલુ તેની મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે મુદામાલ મોબાઈલ કોની પાસેથી રીકવર કર્યો તેની મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે આરોપીને ચોરી કરતા નજરે જોયેલ નથી. આમ, ફરીયાદીનો મોબાઈલ કોઈ ચોરી કરી લઈ ગયેલ હોવાની હકીકત ફલિત થાય છે.પરંતુ જયારે ફરીયાદીએ જાતે આ કામના આરોપીને ચોરી કરતા નજરે જોયેલ ન હોય તેમજ ફરીયાદ હકીકતમાં આરોપીનું નામ જણાવેલ નથી ત્યારે ગુનાહીત કૃત્ય આ કામના આરોપીએ કરેલ છે તે અંગે કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી. તેમજ ફરીયાદપક્ષ **આંક–૧૧** થી રજુ રીકવરી પંચનામાની હકીકતો પુરવાર કરવામા નિષ્ફળ રહેલ છે.

**(૧૦.૧)** ફરીયાદપક્ષ તર્ફે પંચ સાહેદ યાસીનભાઈ યુનુસભાઈ વહોરા નાઓને **આંક–૧૦**થી સોગંદપર તપાસવામાં આવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, ત્રણ એક વર્ષ અગાઉ લખેલા કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી.શું બાબતની સહી હતી તે હું જાણતો નથી. તેમને આરોપીની શરીર સ્થિતિ અંગેનું તેમજ મુદામાલ રીકવરીનું પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને તેમાં પોતાની પંચ નં.૧ તરીકે સહી ઓળખી બતાવેલ છે. જે **આંક–૧૧** થી રજુ છે.સદર પંચ સાહેદ આરોપીની શરીર સ્થિતિ તથા મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવામા આવેલ જેમાં ફરીયાદપક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર

આવેલાનું ફલિત થતુ નથી.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ માં કબુલ કરે છે કે, એક લખેલ તૈયાર પંચનામામાં સહિ કરેલી તે સિવાય અન્ય કોઈ જાત માહીતી નથી.

આ પંચ સાહેદની જુબાની જોવામાં આવે તો આ સાહેદ આરોપીની શરીર સ્થિતિ તથા મુદ્દામાલ રીકવરી અંગેના **આંક –૧૧** વાળા પંચનામામા પોતાની પંચ નં.૧ તરીકેની સહી સિવાય બીજી કોઈ હકીકત જણાવેલ નથી. જેથી આ પંચ સાહેદની જુબાની થી ફરીયાદપક્ષ **આંક–૧૧** થી રજુ પંચ નામાની હકીકતો પુરવાર કરવામા નિષ્ફળ રહેલ છે.

**(૧૦.૨)** ફરીયાદપક્ષ તર્ફે પંચ સાહેદ મોસીન અનવરમીયા મલેક નાઓને **આંક–૧૨**થી સોગંદપર તપાસવામાં આવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, ત્રણ એક વર્ષ અગાઉ લખેલા કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી.શું બાબતની સહી હતી તે હું જાણતો નથી. તેમને **આંક –૧૧** વાળુ આરોપીની શરીર સ્થિતિ અંગેનું તેમજ મુદામાલ રીકવરીનું પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને તેમાં પોતાની પંચ નં.ર તરીકે સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદ આરોપીની શરીર સ્થિતિ તથા મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવામા આવેલ જેમાં ફરીયાદપક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલાનું ફલિત થતુ નથી.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ

ઉલટ તપાસ માં કબુલ કરે છે કે, એક લખેલ તૈયાર પંચનામામાં સહિ કરેલી તે સિવાય અન્ય કોઈ જાત માહીતી નથી.

આ પંચ સાહેદની જુબાની જોવામાં આવે તો આ સાહેદ આરોપીની શરીર સ્થિતિ તથા મુદ્દામાલ રીકવરી અંગેના **આંક –૧૧** વાળા પંચનામામા પોતાની પંચ નં.ર તરીકેની સહી સિવાય બીજી કોઈ હકીકત જણાવેલ નથી. જેથી આ પંચ સાહેદની જુબાની થી ફરીયાદ પક્ષ **આંક–૧૧** થી રજુ પંચ નામાની હકીકતો પુરવાર કરવામા નિષ્ફળ રહેલ છે.

**(૧૧)** વધુમાં આ કામના મુળ ફરીયાદીએ આંક–૧૩ થી પુરસીસ આપી આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટના **Madan Mohan Abbot Vs. State of punjab [ AIR 2008 SC 1969]** ના ચુકાદામાં પેરા–પમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, We need to emphasize that it is perhaps advisable that in disputes where the question involved is of a purely personal nature, the Court should ordinarily accept the terms of the compromise even in criminal proceedings as Keeping the matter alive With no possibility of a result in favour of the prosecution is a luxury which the Courts, grossly overburdened as they are, cannot afford and that the time so saved can be utilized in deciding more effective and meaningful litigation. This is a common sense approach to the matter based on ground of the technicalities of the law. જયારે તકરારી વિષય સંપૂર્ણપણે વ્યકિતગત હોય ત્યારે જો પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય ત્યારે અદાલતે સામાન્ય સં

જોગોમાં સમાધાન ધ્યાને લેવું જોઈએ તથા જયારે કેસમાં ફરીયાદપક્ષની તરફેણમાં ચુકાદો આવવાની કોઈ જ શકયતા ન હોય અને જયારે અદાલતોમાં થયેલ કેસોના ભરાવાને ધ્યાને લઈએ તો અદાલતે આવા કેસો ચાલુ રાખવા યોગ્ય નથી અને અદાલતે આ બચેલ સમય બીજા અસરકારક અને યોગ્ય તકરારી કેસોમાં આપવો જોઈએ.આમ, આ ચુકાદાને ધ્યાને રાખીને પણ જયારે સદરહુ કેસમાં આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ છે ત્યારે અને ફરીયાદી ફરીયાદપક્ષને કોઈ મદદરૂપ જુબાની આપતા ન હોવાથી અન્ય કોઈ સાહેદોને તપાસવા જરૂરી લાગેલ નથી. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે **'Satish mehra vs. Delhi Administration' (1996 JCC 507),** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, It was held by the Hon'ble Supreme court of India that' when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding of trial, only for the purpose of formally completing the prouncement of the conclusion on a future date if the case ends with acquittal after examine the witness it is better to drop the other witnesses it gains a lot of time of the court and save much human effect and cost and also provide the speedy remedy.

આમ, ઉપરોકત નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખીને પણ જયારે કેસમાં આરોપીને સજા થવાની કોઈ શકયતાઓ જ રહેલ નથી તેવા સં જોગોમા માત્ર પ્રોસીજર પુરી કરવા સારૂ ટ્રાયલ પુરી કરવી જરૂરી નથી.

**(૧૨)** હાલ હાથ પરના કેસ અનુસંધાને જોવામાં આવે તો ફરીયાદ હકીકત મુજબ જયારે આ કામના ફરીયાદીએ પોતે આ કામના આરોપીને ચોરી કરતા પકડેલ છે અથવા ચોરીની વસ્તુ સાથે પકડાયેલ છે તેવી હકીકત

જણાવેલ ન હોય તેમજ ફરીયાદપક્ષ તરફે કોઈ નજરે જોનાર સાક્ષીને તપાસવામા આવેલ નથી તેમજ રીકવરી પંચનામાના પંચો પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોય તે સંજોગોમાં ફરીયાદ પક્ષ ચોરીના જરૂરી તત્વ સાબિત કરવામાં આવેલ છે તેમ ફલિત થતું નથી.

**(૧૩)** આમ, ઉપરોકત સંજોગોમાં હાલના આરોપીએ આક્ષેપિત તહોમતવાળો ગુન્હો કરેલ હોય તેવું મટીરીયલ વીટનેશનાં પુરાવા ઉપરથી નિ:શંકપણે ફલિત ન થતુ હોય ત્યારે ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા હાલનાં આરોપીએ ચોરી કરેલ હોય તે અંગે શંકા રહિત પુરાવો ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદોએ આપેલ ન હોય, ઈ.પી.કો.કલમ–૩૭૯, મુજબનાં આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–ર  અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

(૧) આ કામના  આરોપી કાળીદાસ ઉર્ફે કાળીયો સંપતભાઈ વાઘરી, ઉ.વ.૪ર, ધંધો.મજુરી, **રહે.**૭૫, વડ મોટી શાક માર્કેટની પાછળ રૂરલ પોલીસ સ્ટેશન સામે, તા.નડીયાદ,જી.ખેડાનાઓને ઈ.પી. કો. કલમ –૩૭૯મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(ર) મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળા નો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમ રાખવામા આવે છે અથવા જો કોઈ હુકમ થયેલ ના હોય તો મોબાઈલના માલીકી અંગેની ખરાઈ કરી પરત

**(એન.કે.જોશી)**
**UIC No.01454**

કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ  સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.** ૩૦/૦૩/૨૦૨૬

**સ્થળ:**ડાકોર

**(નરેન્દ્ર કુમાર જોષી)**
જયુડી.મેજી.ફ.ક., ડાકોર.
(GJ01454)

**(એન.કે.જોશી)**
**UIC No.01454**